# ગુજરાત ભાજપના નવા પ્રમુખ જગદીશ વિશ્વકર્મા માટે રાહ સહેલો નથી!

છેલ્લા બે વર્ષથી તેની ભારે ચર્ચા ચાલતી હતી તેવા ગુજરાત ભાજપના પ્રમુખ તરીકે આખરે ભાજપે મંત્રી જગદીશ પંચાલ એટલે કે વિશ્વકર્મા પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. આમ તો જે તે રાજકીય પક્ષમાં રાજ્યના પ્રમુખનો હોદ્દો એટલો મોટો મહત્વનો પણ નથી હોતો. ભાજપમાં ભૂતકાળમાં અનેક આગેવાનો પ્રમુખ બન્યા પરંતુ તેમાંથી બે-ત્રણ પ્રમુખ જ એવા પાવરફુલ હતા કે જેણે પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું હતું. કેશુભાઈ પટેલ કહો કે શંકરસિંહ વાઘેલા કે પછી કાશીરામ રાણા, આ ત્રણેય નેતાઓ એવા હતા કે જેની આખા રાજ્યમાં ઓળખ હતી. શંકરસિંહ વાઘેલાના સમયમાં તો ભાજપે પ્રથમ વખત સત્તાનું મોઢું જોયું હતું. ગુજરાતમાં જનતાદળના સાથમાં ભાજપે પ્રથમ વખત રાજ્યમાં સત્તાનો સ્વાદ ચાખ્યો હતો. શંકરસિંહ વાઘેલા સતત પાંચ વર્ષ સુધી ભાજપના પ્રમુખ રહ્યા હતા. સતત પાંચ વર્ષ સુધી ભાજપના પ્રમુખ રહેવાનું સૌભાગ્ય બાદમાં એકમાત્ર સીઆર પાટીલને જ મળ્યું છે. જગદીશ વિશ્વકર્મા આમ તો અમિત શાહની નજીકના અને તેમના જુથના મનાય છે. જગદીશ વિશ્વકર્મા અગાઉ અમદાવાદ ભાજપના પ્રમુખ રહી ચૂક્યા છે. જગદીશ વિશ્વકર્મા નિકોલના ધારાસભ્ય છે અને ત્રણ ટર્મથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. હાલમાં જગદીશ વિશ્વકર્મા રાજ્યકક્ષાના મંત્રી તરીકે વિવિધ વિભાગોની જવાબદારી સંભાળી રહ્યા છે. જગદીશ વિશ્વકર્મા 2015થી 2021 સુધી અમદાવાદ ભાજપના પ્રમુખ હતાં ત્યારે ભાજપે અમદાવાદ મહાપાલિકામાં 192માંથી 160 સીટ મેળવી હતી. આગામી દિવસોમાં રાજ્યમાં મહાપાલિકાઓની ચૂંટણીઓ આવનારી છે ત્યારે જગદીશ વિશ્વકર્મા આ ચૂંટણીઓમાં પણ કરિશ્મા કરે તેવી ભાજપના કાર્યકરોને આશા છે. ઓબીસી સમાજના જગદીશ વિશ્વકર્માની વરણીથી ઓબીસી સમાજને ખુશ કરી શકાશે તેવી ગણતરી હાઈકમાન્ડની છે. કોંગ્રેસે પણ પ્રમુખ તરીકે ઓબીસી નેતાની પસંદગી કરી છે ત્યારે ભાજપ પણ તેની રાહે ચાલ્યું છે પરંતુ જગદીશ વિશ્વકર્મા માટે આગળનો રસ્તો દેખાય તેટલો સરળ નથી.

સીઆર પાટીલે ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે ભાજપને રાજ્યમાં 156 બેઠક અપાવવાનો એક માઈલસ્ટોન રચ્યો છે. રાજ્યમાં તમામ મહાપાલિકાઓની ચૂંટણીમાં વિજયની સાથે નગરપાલિકા અને પંચાયતોમાં પણ સીઆર પાટીલે ભાજપને જીત અપાવી છે. કોંગ્રેસના ધારાસભ્યોને ભાજપમાં જોડવાના હોય કે પછી ભાજપના સંગઠનની દ્રષ્ટિએ ખુબ મજબુત કરવાનું હોય, સીઆર પાટીલે સતત પાંચ વર્ષ સુધી મહેનત ચાલુ જ રાખી છે. સીઆર પાટીલના સમયમાં જોકે, ભાજપમાં જુથવાદ વકર્યો હતો. ભાજપમાં અનેક અસંતુષ્ઠો પણ ઉભા થઈ ગયા હતા. ભાજપમાં જ સીઆર પાટીલના વિરોધમાં હોય તેવા આગેવાનોની સંખ્યા પણ વધી હતી. હાલમાં ભાજપની હાલત એવી છે કે આખું ભાજપ વેરવિખેર જેવી સ્થિતિમાં છે. સૌરાષ્ટ્રના નેતાઓને અલગ ચોકો છે. તો ઉત્તર ગુજરાતના નેતાઓનો પણ અલગ ચોકો છે. દક્ષિણ ગુજરાતના નેતાઓનો પણ અલગ ચોકો છે. આ સંજોગોમાં બધાને ભેગા કરીને આગળ વધવું જગદીશ વિશ્વકર્મા માટે ઘણું જ અઘરૂં છે. આગામી દિવસોમાં મંત્રીમંડળનું વિસ્તરણ અને ફેરબદલ પણ કરવામાં આવશે. આ સંજોગોમાં પણ જગદીશ વિશ્વકર્મા માટે બધાને સંતોષ આપવો અઘરો થઈ પડે તેમ છે. કોંગ્રેસ અને અન્ય પક્ષના નેતાઓને પણ સામેલ કરી દેવાથી ગુજરાત ભાજપનું કદ વધી ગયું છે. આ વધેલા કદને કારણે ભાજપને ચાલવું અઘરૂં પડી રહ્યું છે. હાર્દિક પટેલથી શરૂ કરીને અર્જુન મોઢવડીયા સુધીના નેતાઓને ખુશ રાખવાનું કપરૂં કામ હવે જગદીશ વિશ્વકર્માએ કરવાનું રહેશે. આમ તો શાંત અને સૌમ્ય ગણાતા જગદીશ વિશ્વકર્મા બધાને સમજાવી શકે તેવા છે પરંતુ આ તો રાજકારણ છે, જગદીશ વિશ્વકર્માએ ત્રણ વર્ષ પ્રમુખ તરીકે કાઢવા માટે અનેક સમાધાનો કરવા પડશે તે નક્કી છે.

## નાના બાળકની મોટી સમજ

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

રોહન અને તેના પાર્ટનર વચ્ચે મોટો ઝઘડો થયો. રોહને ના પાડી હોવા છતાં પાર્ટનરે તેની જાણ બહાર મોટો સોદો કર્યો અને તેમાં નુકસાન ગયું. રોહનને આર્થિક માર તો સહન કરવો જ પડ્યો સાથે સાથે વિશ્વાસઘાત અને છેતરાયાની પીડા પણ ભોગવવી પડી. નિરાશા ,હતાશા ,ગુસ્સો, છેતરામણી જેવી લાગણીઓથી તે ઘેરાઈ ગયો. હવે શું કરવું તેને કંઈ સમજાતું ન હતું. પોતાની સાથે દગો થયો તે વાતથી તે આખી રાત સૂઈ શક્યો નહિ.

વહેલી સવારે તે મનનું દુઃખ ભૂલાવવા અને ગુસ્સો દૂર કરવા તે શૂઝ પહેરીને દોડવા નીકળી ગયો. મનના ગુબ્બાર સાથે દોડતો રહ્યો…કેટલું દોડ્યો તેનું ભાન પણ ન રહ્યું.શરીર થાક્યું ત્યારે તે એક બેંચ પર આવીને બેસી ગયો.



સવારના સાત વાગ્યા હતા. બધાં બાળકોનો શાળાએ જવાનો સમય થયો હતો. રોહન બેઠો હતો તે બેંચ પર એક નાનો છ- સાત વર્ષનો છોકરો આવીને બેઠો. રોહને તેની સામે જોયું. છોકરાએ કહ્યું , ‘અંકલ, હું અહીં બેસું?’ રોહને હા પાડી. છોકરાનું મોઢું ચઢેલું હતું. એકદમ મૂડ લેસ લાગતો હતો. રોહને પૂછ્યું, ‘શું થયું?’નાનકડા છોકરાએ કહ્યું, ‘મારી સાથે આજે મોટો દગો થયો?’ રોહનને તેની સાથે વાતો કરવામાં મજા પડી. તે બોલ્યો, ‘તું આટલો નાનકડો અને તારી સાથે મોટો દગો થયો? એવું તે શું થયું?’ નાનકડો છોકરો બોલ્યો, ‘મારા પપ્પા મને અને મારા ફ્રેન્ડને રોજ કારમાં સ્કૂલે મૂકી જતા પણ મારા પપ્પા બિમાર છે એટલે મેં મારા ફ્રેન્ડને પૂછ્યું હતું કે તારા પપ્પા આપણને સ્કૂલમાં મૂકી જશે તેણે હા પાડી હતી પણ સવારે તે અને તેના પપ્પા મને લેવા જ ન આવ્યા. તે રોજ મારી સાથે આવતો અને આજે મને જ સાથે લઇ જવાનું ભૂલી ગયો. આટલો મોટો દગો થયો છે. મારી સાથે…’આટલું કહી તે વોટર બોટલમાંથી પાણી પીવા લાગ્યો. રોહનને કહ્યું, ‘ ખરેખર બહુ મોટો દગો થયો…હવે તું શું કરીશ??’ નાનકડા છોકરાએ એકદમ સરસ સમજવા જેવી વાત કરી, તે બોલ્યો, ‘બીજું તો શું કરું? હવે તેની જોડે દોસ્તી તૂટી જશે પણ એમ કંઈ રડીને દગો ખાઈને બેસી થોડો રહીશ. જીવન તો આગળ જીવવું જ પડશે એટલે જીવનમાં આગળ વધવા માટે બીજો મિત્ર બનાવીશ અને ધ્યાન રાખીશ કે તે મને દગો ન આપે.’ નાનકડા છોકરાએ કરેલી આ વાતથી ગુસ્સા અને પીડાથી ભરાયેલા રોહનના મન અને મગજના દરવાજા ખૂલી ગયા. તેને સમજાઈ ગયું કે આમ ગુસ્સો કરવાથી કે દુઃખી થવાથી કંઈ નહિ થાય. જીવન તો જીવવું જ પડશે, આગળ તો વધવું જ પડશે. તેણે હસીને છોકરા સામે જોયું ,તેના વાળમાં હાથ ફેરવ્યો અને આગળ વધવાના નિર્ધાર સાથે ઘર તરફ દોડી ગયો.

# આસામમાં બીટીસીનાં પરિણામો ભાજપ માટે ચેતવણી

## રાજ્યોની વણઝાર

### કૌશિક મહેતા

**આ ચૂંટણીને ૨૦૨૬માં યોજાનારી આસામ વિધાનસભાની ચૂંટણી માટે એક પ્રકારની સેમી-ફાઈનલ તરીકે જોવામાં આવતી હતી. બીટીસીમાં હાર એ સંકેત આપે છે કે ભાજપ-યુપીપીએલ ગઠબંધન સામે લોકોમાં અસંતોષ છે**

અત્યારે તો ચર્ચા બિહારની ચૂંટણીની છે પણ આવતા વર્ષે આસામની ચૂંટણી પણ થવાની છે. ઈશાન ભારતનું આ નાનું રાજ્ય છે અને ઈશાન ભારતમાં ભાજપે એનો પગ મજબૂત બનાવ્યો છે. આસામમાં કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા હેમંત બિસ્વા શર્મા મુખ્યમંત્રી છે, બહુ બોલકા છે પણ ચૂંટણી આવે એ પહેલાં એમની સામે પડકાર ઊભા થયા છે. બીટીસીનાં પરિણામોએ એમના માટે ચિંતા સર્જી છે અને ભાજપ માટે ચેતવણી પણ છે. બીટીસીમાં બીપીએફે બધાંનાં સૂપડાં સાફ કરી નાખ્યાં છે. છેલ્લાં નવ વર્ષથી ભાજપ આ ચૂંટણીમાં જીતતો આવ્યો છે પણ આ વેળા ભાજપને માત મળી છે અને બીટીએફે ફત્તેહ મેળવી છે. બીટીસી શું છે એ જાણી લેવા જેવું છે. ૨૦૦૩માં બોડોલેન્ડ ટેરીટોરીયલ કાઉન્સિલ શરૂ થઈ. બોડો આંદોલનનો અંત આણવા આ સમજૂતી થઈ અને બંધારણનાં શિસ્યુઅલ ૬ તળે આ રચના થઈ છે. આવી જ માગણી લદ્દાખમાં થઈ રહી છે. બીટીસીને કેટલીક સત્તા મળે છે. એની ચૂંટણીમાં હાગ્રામા મોહિલરીના નેતૃત્વ હેઠળની બીપીએફ પાર્ટીનો દબદબો ફરી સ્થાપિત થયો છે, જેણે ભાજપ અને તેની સાથી પક્ષોને મોટો ઝટકો આપ્યો છે. બોડોલેન્ડ ક્ષેત્ર ભાજપ માટે એક મહત્ત્વનો ગઢ માનવામાં આવતો હતો, જ્યાંથી તેને ૧૨ જેટલી વિધાનસભા બેઠકો મળે છે. આ ગઢમાં બીપીએફની મોટી જીત ભાજપની મજબૂત પકડને નબળી પાડે છે. બીપીએફ એ ૪૦માંથી ૨૮ બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી છે. જ્યારે સત્તાધારી પક્ષો યુપીપીએલ અને ભાજપ મળીને બહુ થોડી બેઠકો જ જીતી શક્યા.

આ ચૂંટણીને ૨૦૨૬માં યોજાનારી આસામ વિધાનસભાની ચૂંટણી માટે એક પ્રકારની સેમી-ફાઈનલ તરીકે જોવામાં આવતી હતી. બીટીસીમાં હાર એ સંકેત આપે છે કે ભાજપ-યુપીપીએલ ગઠબંધન સામે લોકોમાં અસંતોષ છે અને બીપીએફએ એક શક્તિશાળી વિરોધ પક્ષ તરીકે ઉભરી આવ્યો છે. આમ તો બીટીએફ એનડીએનો એક ભાગ છે અને ભાજપ હવે કહે છે કે બીટીએફ તો અમારો સાથી પક્ષ છે પણ ભાજપની હાર મોટો મુદ્દો બની શકે છે.

કારણ કે હાગ્રામા મોહિલરી ભાજપ માટે પડકાર બની શકે છે. હાગ્રામા આસામમાં અગ્રણી નેતા છે. રાજકારણમાં જોડાતાં પહેલાં, મોહિલરી બોડો લિબરેશન ટાઈગર્સ નામના વિદ્રોહી જૂથના વડા હતા. ૨૦૦૩માં, બોડો શાંતિ કરાર થયા પછી એમણે હથિયાર હેઠાં મૂક્યાં અને મોહિલરી લોકશાહી રાજકારણના મુખ્ય પ્રવાહમાં જોડાયા. હાગ્રામાએ ૨૦૦૫માં બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટ પક્ષની સ્થાપના કરી અને તેના પ્રમુખ બન્યા. એ બીટીસીમાં લાંબો સમય કામ કરી ચૂક્યા છે. એમના પક્ષે બીટીસી અને આસામ વિધાનસભાની ચૂંટણીઓમાં મજબૂત પ્રદર્શન કર્યું છે. એટલે હાગ્રામા જો ભાજપનો સાથ છોડે આસામમાં ભાજપ માટે સત્તા જાળવી રાખવાનું મુશ્કેલ બની જશે. હેમંત બિસ્વા માટે ચૂંટણી પહેલાં ઘણા પડકારો ઊભા થઈ ગયા છે. ચૂંટણી આવે ત્યાં સુધીમાં તેઓ હાગ્રામા સાથે તાલમેળ બેસાડી દે છે કે કેમ એના પર ભાજપનું ભવિષ્ય જોડાયેલું છે.

**ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીમાં ૨૭% ઓબીસીથી કોને ફાયદો થશે?**

ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીઓમાં ઓબીસી માટે ૨૭ ટકા ઓબીસીને સરકારે મંજૂરી આપી દીધી છે. આ નિર્ણયથી આવનારી સ્થાનિક ચૂંટણીઓમાં કોને કેટલો ફાયદો થશે એની અટકળો શરૂ થઈ છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં અન્ય પછાત વર્ગ માટે ૧૦% અનામતમાંથી વધારીને ૨૭% અનામત કરવાની જાહેરાત એ એક મોટો રાજકીય નિર્ણય છે, જેનાથી અનેક પક્ષો અને સમુદાયોને અસર થશે. ૨૭% અનામતનો સૌથી મોટો ફાયદો ઓબીસી સમુદાયના નેતાઓ અને ઉમેદવારોને થશે, જેઓ હવે સ્થાનિક સ્તરે વધુ સત્તા અને પ્રતિનિધિત્વ મેળવશે. રાજકીય રીતે, આ નિર્ણય ગુજરાતમાં ઓબીસી સમુદાયના વિશાળ વોટબેંક પર પોતાનો પ્રભાવ વધારવા માટેનું એક મોટું પગલું છે.

એ યાદ રાખવું જોઈએ કે ઓબીસીની રાજનીતિ નરેન્દ્ર મોદી ગુજરાતમાં હતા ત્યારે એમણે કરી હતી. એ કારણે ઓબીસીની કોંગ્રેસની વોટ બેંક તૂટી હતી અને ભાજપને ખાસ્સો ફાયદો થયો હતો. પુરુષોત્તમ સોલંકી આજેય મંત્રી છે, એ નાદુરસ્ત તબિયતના કારણે લગભગ ઓફિસે જતા નથી છતાં એમને હટાવાયા નથી. હમણાં મોદી ભાવનગર આવ્યા ત્યારે સ્ટેજ પર એમણે સોલંકી સાથે વાત કરી અને સોલંકી જે રીતે મોદીનો ખભો અને હાથ પકડીને વાત કરતા હતા એ દ્રશ્ય સહજ તો નહોતું. ભાજપ સરકારે આ ૨૭ ટકાનો નિર્ણય લીધો છે એટલે એનો સીધો ફાયદો ભાજપને થાય એવું માનવાનાં કારણો હોય જ. પણ ૨૭ ટકા અનમાત મળે એ માટે વિપક્ષ પણ ઘણા સમયથી માગણી કરી રહ્યો હતો એટલે વિપક્ષ માટે પણ એક તક છે. આપ આ વાતનો ફાયદો ઉઠાવી શકે છે.

અલબત્ત ઓબીસી અનામત વધારવાથી બિન-અનામત વર્ગ માટેની બેઠકોની સંખ્યામાં ઘટાડો થશે. આથી આ વર્ગના રાજકીય નેતાઓની સ્પર્ધા વધી શકે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટેની વર્તમાન અનામત યથાવત્ રાખવામાં આવી છે. ભાજપ આ મુદ્દો પોતાની તરફેણમાં લાવી શકે છે. કોંગ્રેસ અને આપ આ મુદ્દે કઈ રીતે ઉમેદવારની પસંદગી અને પ્રચાર કરે છે એ જોવાનું છે.

**હરિયાણામાં કોંગ્રેસમાં નવા પ્રમુખ સામે રોષ**

હરિયાણામાં ગઈ ચૂંટણીમાં કોંગ્રેસની કેટલીક ભૂલોના કારણે સત્તાથી થોડું છેટું રહી ગયું હતું અને હવે હરિયાણા કોન્ગ્રેસના નવા પ્રમુખ તરીકે રાવ નરેન્દ્રસિંહની નિયુક્તિ થતાં જ પક્ષમાં અસંતોષ જણાઈ રહ્યો છે. કોંગ્રેસ સંગઠનાત્મક રચનામાં હંમેશા ભૂલ કરતી આવી છે. ગુજરાતમાં પ્રમુખ તરીકે જે રીતે અમિત ચાવડાની નિયુક્તિ થઈ એ દર્શાવે છે કે, નવીનતા અને પ્રયોગનો અભાવ છે. રાવ નરેન્દ્રસિંહની સામે કેપ્ટન અજય યાદવે ખુલ્લેઆમ વિરોધ નોંધાવ્યો છે અને કહ્યું છે કે, આ પસંદગીના કારણે કાર્યકર્તાઓનું મોરલ ડાઉન થયું છે. જો કે, વિરોધ બાદ રાવ નરેન્દ્ર ખુદ બધાને મનાવવા નીકળ્યા છે. એ કેપ્ટન યાદવને પણ મળ્યા છે પણ હરિયાણાનાં મજબૂત નેતાઓ ચૌધરી વીરેન્દ્રસીન એન. રણદીપ સુર્જેવાલા પણ નારાજ છે. રાવ હવે બધાને મળી રહ્યા છે. શક્ય છે કે ઉપર ઉપરથી બધા માની જાય પણ અંદર અસંતોષ રહેવાનો અને એ કોંગ્રેસ માટે નુકસાનકર્તા છે એ મોવડીમંડળને કેમ સમજતું નથી એ સમજવું મુશ્કેલ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# લદ્દાખમાં એક નિર્ણાયક ક્ષણઃ સરકારે પોતાની રણનીતિ પર ફરીથી વિચાર કરવો જોઈએ

## તમારા વિચારોથી અસહમત લોકોને રાષ્ટ્રવિરોધી કહેવા ક્યારેક પ્રતિકૂળ સાબિત થઈ શકે છે

## રાજધાનીના અંતરંગ

### અનિલ આનંદ

**શાંતિ અને યુદ્ધના સમયમાં લદ્દાખીઓનો રાષ્ટ્રવાદી હોવાનો ટ્રેક રેકોર્ડ રહ્યો છે. અમને રાષ્ટ્રવિરોધી કહેવાનું અસ્વીકાર્ય છે**

સંશોધક-પર્યાવરણવાદી સોનમ વાંગચુક શ્રેણીબદ્ધ વિરોધ પ્રદર્શનો, લાંબી કૂચ અને અનિશ્ચિત ભૂખ હડતાળ છતાં કંઈ પ્રાપ્ત કરી શક્યા નથી, તે કઠોર રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (એનએસએ) હેઠળ તેમની આઘાતજનક અટકાયત દ્વારા પ્રાપ્ત થયું છે. કેન્દ્ર-લદ્દાખ વહીવટી તંત્રના સંયોજન દ્વારા સ્વ-રક્ષણ અને રાજકીય સશક્તિકરણના સમર્થનમાં ચાલી રહેલા આંદોલનને નિયંત્રિત કરવા માટે શ્રેણીબદ્ધ ભૂલો દ્વારા આ તક પૂરી પાડવામાં આવી હતી, બાકીનાં લોકોએ કુદરતી માર્ગ અપનાવ્યો હતો.

તેમની નજરબંધી અને કડક વહીવટી યુક્તિઓને કારણે નિર્દોષ લોકોનાં મૃત્યુ અને ડઝનબંધ ઘાયલ થયા પછી લદ્દાખ આંદોલને એક અલગ માર્ગ અપનાવ્યો છે અને વિશ્વ દૃષ્ટિકોણને પહેલાં કરતાં વધુ મજબૂત રીતે આકર્ષિત કર્યો છે. જો કે, લેહની શેરીઓમાં અસહજ શાંતિ પ્રવર્તી રહી છે, પરંતુ ડુંગરાળ રણની રણનીતિક સ્થિતિ અને સંવેદનશીલતાને કારણે નબળાઈ વધી છે. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ થયેલા સંઘર્ષને સંપૂર્ણપણે ટાળી શકાય તેવો હતો. ઘટના એ વાતની સાબિતી આપે છે કે, એક પ્રેરણાહીન સ્થાનિક નેતૃત્વે આ પરિસ્થિતિને અયોગ્ય રીતે સંભાળી છે. આ તબક્કે કંઈ પણ નિર્ણાયક કહી શકાય નહીં, જ્યાં સુધી કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ (કેડીએ) અને લેહ એપેક્સ બોડી (એલએબી) - જે બે જૂથો લદ્દાખના બે વિભાગોનું સંયુક્ત રીતે ચાલુ આંદોલનનું નેતૃત્વ કરી રહ્યા છે - દ્વારા માંગ કરવામાં આવી છે, જવાબદારી નક્કી કરવા માટે સમયબદ્ધ રીતે ઉચ્ચ સ્તરીય ન્યાયિક તપાસનો આદેશ આપવામાં ન આવે. આમ છતાં આંદોલનકારીઓને સંભાળવામાં અત્યાચારી વલણ અને બાદમાં એનએસએ હેઠળ વાંગચુકની અટકાયત ટાળી શકાઈ હોત.

જમ્મુ અને કાશ્મીરની જેમ એક કેન્દ્રશાસિત પ્રદેશ હોવાને કારણે લદ્દાખનું સંચાલન સીધું કેન્દ્ર દ્વારા થાય છે, જે આંતર રાષ્ટ્રીય સંવેદનશીલતા અને બાહ્ય જોખમોને ધ્યાનમાં રાખતાં ઉચિત છે અને તે લદ્દાખીઓની દાયકાઓ જૂની માંગણીને પૂર્ણ કરવા માટે આમ કરવામાં આવ્યું હતું, પરંતુ સ્થાનિક રાજકીય અને વહીવટી મુદ્દાઓને ઉકેલવા માટે અને આપેલાં વચનોનું પાલન ન કરવાનું કેન્દ્રનું આ વલણ ખૂબ જ અનિચ્છનીય છે.

આ પરિસ્થિતિને નવનિયુક્ત લેફ્ટનન્ટ ગવર્નર કવિન્દર ગુપ્તાએ શ્રેષ્ઠ રીતે સમજાવી હતી. કેટલાક મિડિયા અહેવાલો મુજબ, ઉપરાજ્યપાલે કહ્યું. ''હું સ્થાનિક પાસાંઓ સંભાળી રહ્યો છું, એનએસએ જેવા મુદ્દાઓ…. વગેરે કેન્દ્ર દ્વારા સંભાળવામાં આવી રહ્યા છે…'' વર્તમાન પરિસ્થિતિ બંને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ‘વિશ્વાસઘાતની ભાવના’નું પરિણામ છે. કલમ 370 નાબૂદી પછી અને જમ્મુ અને કાશ્મીર રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યા બાદ અધૂરાં વચનોને લઈને એક વિશ્વાસઘાત થયો છે, એક (જેએન્ડકે) વિધાનસભા સાથે અને બીજું લદ્દાખ ચૂંટાયેલી વિધાનસભા વિના. આ વિશ્વાસઘાત બંને માટે સમાન છે, વિવિધ પરિમાણો સાથે, પરંતુ જમીન અને નોકરીના અધિકારોના રક્ષણ અને રાજકીય સશક્તિકરણનું એક સમાન સૂત્ર છે.

મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સ (એનસી)ના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લાએ લદ્દાખની ‘વિશ્વાસઘાતની ભાવના’ને કાશ્મીરના ‘મોટા વિશ્વાસઘાત’ સાથે જોડી દીધી, જ્યારે વિપક્ષ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)ના વડા મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, ''ઘટનાઓના હિંસક વળાંક દર્શાવે છે કે, 2019 બાદથી કંઈ બદલાયું નથી.'' 5 ઓગસ્ટ, 2019ના રોજ જમ્મુ અને કાશ્મીર (લદ્દાખ સહિત)ની બંધારણીય સ્થિતિ બદલવા માટે સંસદ દ્વારા એક રાજ્ય પુનર્ગઠન કાયદો પસાર કરવામાં આવ્યો હતો.

કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની સરકારે લદ્દાખ આંદોલનને ખોટી રીતે સંભાળીને પોતાનો કેસ નબળો પાડ્યો છે. કલમ 370 રદ કરવાથી જમ્મુ, કાશ્મીર અને લદ્દાખને થતી બધી સમસ્યાઓ ખતમ થઈ જશે તેવો દાવો નિષ્ફળ ગયો છે.

એનએસએ હેઠળ આંદોલનના અગ્રણી ચહેરા વાંગચુકની અટકાયત અને તેના પર ક્રૂર બળપ્રયોગ કરવો એ અયોગ્ય હતું. તેનાથી કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને લદ્દાખીઓ વચ્ચે ચાલી રહેલી વાતચીત પ્રક્રિયા સ્થગિત થઈ ગઈ છે. વાટાઘાટોમાં લદ્દાખનું પ્રતિનિધિત્વ કરતા કેડીએ-એલબીએ ગઠબંધન વાટાઘાટોમાંથી બહાર નીકળી ગયું છે. વાટાઘાટો ફરી શરૂ કરવા માટે તેમણે શરત મૂકી છે કે, 24 સપ્ટેમ્બરની અથડામણ દરમિયાન ધરપકડ કરાયેલાં તમામ લોકોને મુક્ત કરવામાં આવે અને અમુક વર્ગો દ્વારા લદ્દાખીઓને રાષ્ટ્રવિરોધી ગણાવવા બદલ સરકાર માફી માંગે. કેડીએ-એલબીએ નેતાઓ એક સ્વરમાં કહી રહ્યા છે, ''શાંતિ અને યુદ્ધના સમયમાં લદ્દાખીઓનો રાષ્ટ્રવાદી હોવાનો ટ્રેક રેકોર્ડ રહ્યો છે. અમને રાષ્ટ્રવિરોધી કહેવાનું અસ્વીકાર્ય છે.''

લેહમાં થયેલી ઘટનાઓ અને પરિસ્થિતિનો સામનો કરવા માટે અપનાવવામાં આવેલી વ્યૂહરચનાઓથી દિલ્હીમાં શાસક સરકારે પોતાની રણનીતિ પર ફરીથી વિચાર કરવો જોઈએ અને આવી સંવેદનશીલ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે નવી રણનીતિ બનાવવી જોઈએ. અતિ-રાષ્ટ્રવાદ કાર્ડ રમવું અથવા રાજકીય હરીફો અને તમારા વિચારોથી અસહમત લોકોને રાષ્ટ્રવિરોધી કહેવા ક્યારેક પ્રતિકૂળ સાબિત થઈ શકે છે. લદ્દાખની તાજેતરની ઘટના તેનું એક સ્પષ્ટ ઉદાહરણ છે.

સરકારના પ્રતિભાવ અને ભાજપની વ્યૂહરચના બનાવનારાઓએ પરિસ્થિતિનો સામનો કરવા માટે યોજનાઓ બનાવતાં પહેલાં વિસ્તાર અને ત્યાંનાં લોકોની લાક્ષણિકતા ધ્યાનમાં લેવી જોઈએ. લદ્દાખે સ્પષ્ટપણે કહ્યું છે કે, ખોટાં વચનો પર આધાર રાખી શકાય નહીં અને થોડા સમય બાદ સમાધાનની જરૂર હોય છે અને આંદોલનને દબાવવા માટે બળપ્રયોગની યુક્તિઓ સહિત કોઈપણ રણનીતિઓ મૂળભૂત મુદ્દાઓને ખતમ કરી શકશે નહીં.

હવે સરકારની જવાબદારી છે કે તે તાત્કાલિક વાતચીત ફરી શરૂ કરવા માટે અનુકૂળ વાતાવરણ બનાવીને મડાગાંઠ ઉકેલે. જો વાંગચુક સામે કોઈ ગંભીર આરોપો હોય તો સંબંધિત અધિકારીઓએ સ્પષ્ટપણે બતાવવું જોઈએ અને કાયદો પોતાનું કામ કરે. જેમ કે તેમની પત્ની, ગીતાંજલિ આંગ્મોએ આરોપ લગાવ્યો છે કે, જો સરકાર આ મુદ્દે કંઈ કરતી નથી તો પરિસ્થિતિ વધુ જટિલ બની જશે.

રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ પાછળ રહેવી જોઈએ. સમય આવે ત્યારે રાજકીય જગ્યા માટે નિર્ભયતાથી સ્પર્ધા કરવી જોઈએ. રાજકીય દૃષ્ટિકોણથી અને 2024માં સતત બે જીત પછી, લદ્દાખ લોકસભા હારી ગયા પછી ભાજપે થોડા સુધારાની જરૂર છે, પરંતુ અત્યાર સુધી જે કંઈ પણ થયું તે પાર્ટીના પક્ષમાં નથી.

શાસક સરકાર પાસે એ વાતની એક તક છે કે તે લોકોને વિશ્વાસ અપાવે અને લદ્દાખીઓની, ખાસ કરીને ‘રાષ્ટ્રવિરોધી’ કહેવાથી તેમની દુઃખી ભાવનાને શાંત કરે. અનુકૂળ પરિસ્થિતિ બનાવો અને પરિણામ ગમે તે આવે, યોગ્ય સમયે ચૂંટણીઓ યોજો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## રાજ્યોનું વધી રહેલું દેવું, અસરકારક પગલાંની જરૂર

દેશભરનાં તમામ રાજ્યોનું દેવું ચિંતાજનક હદે વધી ગયું છે. આ ચિંતાજનક આંકડા કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા કેગના રિપોર્ટમાં સામે આવ્યા છે. રાજ્યો પર નજર કરીએ તો નાણાંકીય વર્ષ 2022-23ના અંત સુધીમાં પંજાબનું દેવું તેના જી.ડી.પી.ના 40.35ના અંત સુધીમાં પંજાબનું દેવું તેના જી.ડી.પી.ના 40.35 ટકા હતું. જે બાદ નાગાલેન્ડનું 37.15 ટકા, પશ્ચિમ બંગાળનું 33.70 ટકા. જ્યારે ગુજરાતનું જી.ડી.પી.ની સરખામણીએ 16.37 ટકા, મહારાષ્ટ્રનું 14.64 ટકા અને ઓડિશાનું 8.45 ટકા દેવું હોવાનું સામે આવ્યું છે. દેવામાં મુખ્યત્વે આર.બી.આઇ., એસ.બી.આઇ. અને અન્ય બેંકો પાસેથી લીધેલી લોન એલ.આઇ.સી., નાબાર્ડ જેવી નાણાંકીય સંસ્થાઓ પાસેથી લીધેલા ઉધાર નાણાં વગેરેનો સમાવેશ થાય છે. વધતા જતા દેવાને અંકુશમાં લેવા રાજ્ય સરકારોએ કડક, નક્કર અને અસરકારક પગલાંઓ લેવાની જરૂર છે. જેમકે બિનઉત્પાદક ખર્ચાઓ પર સંપૂર્ણ કાપ મૂકવાની જરૂર છે. સાથે સરકારી ખર્ચાઓ જેવા કે પ્રધાનો અને સરકારી ઉચ્ચ અધિકારીઓના વિદેશ પ્રવાસો તેમજ ટેલિફોન, મોબાઈલ ફોનના અને સ્ટેશનરી ખર્ચા ઉપર ધરખમ કાપ મૂકવાની જરૂર છે. રાજયોના પ્રધાનો અને સરકારી ઉચ્ચ અધિકારીઓએ સરકારી ગાડીઓનો શકય તેટલો ઓછો અને જરૂરી હોય તે માટે જ ઉપયોગ કરી પેટ્રોલ-ડિઝલની બચત કરવી જોઈએ. આ જરૂરી પણ છે જ.

**પાલનપુર - મહેશ વી. વ્યાસ**

## આજકાલના રાજકારણીઓની પ્રવૃત્તિઓ

જ્યાં સુધી ચૂંટણીઓ પ્રામાણિકપણે યોજાશે નહીં અને વોટચોરી ચાલુ રહેશે ત્યાં સુધી યુવાનોને નોકરીઓ મળશે નહીં અને ભ્રષ્ટાચાર વધતો રહેશે એવું ખોંખારીને કહેવું. ગુજરાતમાં લગ્નના ઘોડા અને રેસના ઘોડા અલગ તારવવાની વાત કરીને પાર્ટીમાં હોદ્દા પર નિષ્ક્રિય બનીને બેસી રહેલાં લોકોને રૂખસદ અપાશે એવી બાંયધરી આપવી, પાકિસ્તાનમાં જેમને પોતાના ઘર જેવું લાગતું હોય અને જેમની નીતિમાં પાકિસ્તાન પ્રત્યે અપાર પ્રેમ હોય એવાં લોકો વહેલામાં વહેલી તકે હિન્દુસ્તાન છોડી દે એવી છેલ્લી ચેતવણી આપવી. ગુજરાતમાં ધારાસભ્યોએ મતવિસ્તારના વિકાસ ભંડોળમાંથી શું કામ કરાવ્યું તેની જાણકારી આપવા માટે મોબાઈલ એપ તૈયાર થઈ રહી છે એવી જોરશોરથી જાહેરાત કરવી આદિ આજકાલના રાજકારણીઓની પ્રવૃત્તિ અનુભવાય છે.

**અમદાવાદ - જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ**

## જમાદાર ભાસ્કર રાવ પાટીલ

હું ભાસ્કરને 1971થી ઓળખું. ‘ગુજરાતમિત્ર’માં તેમના અવસાનની ખબર પડી. મારી બદલી સુરતમાં 1971માં થઈ, તે વખતે હું ટ્રેનિંગમાં હતો. ભાસ્કર તે જમાનામાં બહુ સક્રિય હતા. મારી જોડે દારૂ-જુગારની રેડમાં હું જ્યારે કહેતો ત્યારે હાજર થઈ જતા. મને ગુનાખોરીના કેસો ઉકેલવાનો અને જાણવાનો શોખ રહ્યો છે. ભાસ્કર ઘણી વાર ગુનેગારોનાં પગેરાં ખોળી લાવતાં. એક વાર તો વેશપલટો કરી લારીવાળા પણ બની જઈ આરોપી પકડી લાવેલા. કોઈ વાર વ્યક્તિગત કામ માટે કશેક મોકલવાનું થતું ત્યારે ઉત્સાહપૂર્વક જઈ આવતા. ઘણા કેસો તેમણે શોધી આપવા પોલીસ તંત્રને મદદ કરી હતી. તેમના અવસાનના સમાચાર વાંચી ખરેખર ઘણું દુઃખ થયું. આવા સન્નિષ્ઠ પોલીસ અમલદાર મળવા મુશ્કેલ છે.

**અડાજણ, સુરત - ભરત પંડ્યા**

## વેલડન ઈન્ડિયા

રવિવારે બાદ થયેલા એશિયા કપના ફાઈનલ મુકાબલાના અત્યંત રસાકસી બાદ ભારતે પાકિસ્તાનની સામે પાંચ વિકેટે શાનદાર વિજય મેળવી એશિયા કપમાં 9મી વાર જીત મેળવી જે એક રેકોર્ડ બની ગયો. પાક. સામે ભારતને વિજયતિલક ‘ગુજરાતમિત્ર’ અખબારમાં આ મુજબનું શીર્ષક આપીને ક્રિકેટપ્રેમીઓનાં દિલ જીતી લીધાં એમાં તિલકનો ઉલ્લેખ કરી ક્રિકેટર તિલક વર્માની વિશેષ નોંધ લીધી છે. તિલક વર્માએ ઠંડે કલેજે રમત રમીને 69 અણનમ રન કરીને મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. એ સાથે ચાર ઓવરમાં ચાર વિકેટ લઈને કુલદીપ યાદવે ભારતીય ક્રિકેટ ટીમનું કુળનું નામ રોશન કર્યું. એક રીતે સાચા અર્થમાં કુલદીપ સાબિત થયો. ભારતીય ટીમની સંગઠનશકિતનો આ વિજય યાદગાર બની ગયો. ભારત માતાની આ સમસ્ત ટીમને ખૂબ ખૂબ અભિનંદન. રમતના મેદાને ઓપરેશન સિંદૂર ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના એશિયા કપના વિજય બાદના આ નિવેદનથી માર્યા ગયેલા 26 વ્યકિતઓના પરિવારને જરૂર ખુશી થઇ હશે. સાથે શહીદ થયેલા સદ્‌ગત ભારતીયોના આત્માને પણ જરૂર જરૂરથી શાંતિ મળી હશે. નવરાત્રિના આ પવિત્ર દિવસની રાત્રીએ વિજયની ખુશાલીમાં બોલ મેરી અંબે જય જગદંબે ક્રિકેટપ્રેમીઓના મુખમાંથી આ સુંદર પાવન શબ્દો સરી પડયા. વેલડન ઈન્ડિયા.

**સુરત - જગદીશ પાનવાલા**

## ચર્ચિલના શબ્દો અક્ષરશઃ સાચા ઠર્યા છે!

પૂજ્ય બાપુ, આઝાદીનાં મીઠાં ફળો મળ્યાં જ નથી! જે કમનસીબી લેખાય! ખેર, આઝાદ હિંદ ફોજ : ભારતની આઝાદી મેળવવા બ્રિટિશ સૈન્ય સામે લડવા માટે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન રચાયેલી ભારતીય સેના (આઝાદ હિન્દ ફોજ )ની સ્થાપના અસ્થાયી રીતે 17 ફેબ્રુઆરી, 1942માં રાસબિહારી બોઝ અને કેપ્ટન મોહનસિંગ દ્વારા કરવામાં આવ્યા પછી તેની વિધિસર સ્થાપના 5 જુલાઈ, 1943ના રોજ કરવામાં આવી હતી. આમ જોઈએ તો લડાઈ એ પૂર્વેથી જ ઘણા સમય પહેલાંથી જ ચાલતી હતી. ઈંગ્લેન્ડના વડા પ્રધાનપદે રહ્યા હતા. આઝાદી વિશે ચર્ચિલ શબ્દો’કદાચ અમે ભારતને આઝાદ તો કરીએ પણ ભારત હજુ આઝાદી માટે તૈયાર નથી! અર્થાત્ રાજપાઠ પિંઢારાઓના હાથમાં જતું રહેશે યાને રાજા તરીકે રાજ ચલાવી શકશે નહીં, રાજધર્મ નિભાવી શકશે નહીં. આજે આઝાદી અને ગાંધીનાં સંયુક્ત રીતે સોગંદ ખાઈ કહીએ તો ચર્ચિલના શબ્દો અક્ષરશઃ સાચા ઠર્યા છે! રાજગાદી નઠારા અને ભ્રષ્ટ રાજકીય નેતાઓ પાસે જતી રહી છે!

**સુરત - સુનીલ બર્મન**

## ક્રિકેટની રમતનો અતિરેક

હવે દર વર્ષે વિશ્વમાં ક્યાંકને ક્યાંક ક્રિકેટની રમત રમાતી જ હોય છે. તે 20-20, વન-ડે કે પછી ટેસ્ટ મેચોની સિરીઝ હોય શકે. આટલી બધી ક્રિકેટ રમાતી હોવાને કારણે સ્વાભાવિક છે કે તે ક્રિકેટરોની શારીરિક ક્ષમતા પર અસર કરે જ. પણ કોઈપણ ક્રિકેટરને તે પડેલી હોતી નથી કારણ તેમાંથી તેમને લખલૂટ પૈસા મળતા હોય છે. અરે સામાન્ય ક્રિકેટર પણ થોડા સમયમાં કરોડોમાં આળોટતો થઈ જાય છે. હવે તો ક્રિકેટરોની કેમ જાણે માલસામાન હોય તેમ હરાજી પણ બોલાય છે અને તેનો પણ તેમને વાંધો હોતો નથી. આખુ વર્ષ ક્રિકેટ રમાતી હોવાને કારણે અને તેનું જીવંત પ્રસારણ પણ થતું હોવાને કારણે કરોડો લોકોના મૂલ્યવાન સમયની બરબાદી થાય છે તે ઉપરાંત પ્રજા માટે મોંઘવારીમાં વધારો થાય છે કારણ કે જે કંપની તેને સ્પોન્સર કરે છે તે કંપની પોતાની પ્રોડક્ટની કિંમતમાં તેટલા પ્રમાણમાં વધારો કરે છે. એટલું જ નહીં ક્રિકેટની રમતનો મૂળ ચાર્મ જ જતો રહ્યો છે. ટૂંકમાં ક્રિકેટની રમતનો જે અતિરેક થઈ રહ્યો છે તેના પર અંકુશ લાવવાની તાતી જરૂર છે તેમાં બેમત ન હોય શકે.

**નાનપુરા, સુરત - સુરેન્દ્ર દલાલ**

## 4 ઓક્ટોબર વિશ્વ પ્રાણી દિવસ

દેશમાં પ્રાણીજગતની દુર્દશા જોઈને મન વ્યથિત થઈ જાય છે. ઐતિહાસિક પૃષ્ઠભૂમિમાં, પ્રાણીઓ પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ અભૂતપૂર્વ હતી. આપણે પ્રાણીઓના રક્ષણ માટે પ્રયાસો કરવા પડશે. પ્રાણીઓનું રક્ષણ ફરજિયાતપણે કરવું જોઈએ. સામૂહિક રીતે હિંસાને નાબૂદ કરવાના પ્રયાસો વધુ તીવ્ર બનાવવા જોઈએ. આ અહિંસક મૂલ્યોને પુનર્જીવિત કરી શકે છે. પ્રાણીઓ પર અત્યાચાર એ એક પ્રકારનું ઈરાદાપૂર્વકનું કૃત્ય છે જેમ કે હત્યા, સળગાવવી, ખોરાક, પાણી, આશ્રય, સંભાળ વગેરેનો અભાવ જે મૂંગા પ્રાણીઓને પીડા આપે છે. પ્રાણીઓ બોલીને ફરિયાદ કરી શકતા નથી. પ્રાણીઓને શારીરિક અને ભાવનાત્મક રીતે નુકસાન થાય છે. ઘરેલું હિંસા અને બાળ દુર્વ્યવહાર ગંભીર ગુનાઓ છે.મૂંગા પ્રાણીઓ પર ક્રૂરતાના બનાવો રોજ જોવા મળે છે. હિંસા નાબૂદ કરવા માટે સામૂહિક પ્રયાસો કરવા પડશે.

**સુરત - કાંતિલાલ માંડોત**